# ભવ-આલોચના પત્રક

## સંકલન : પૂ. પં. શ્રી મુક્તિદર્શનવિજયજી મ.સા.

મોહમૂઢ અજ્ઞાનીજીવ જાણે-અજાણે અનેક પાપ પ્રવૃત્તિઓ કરીને દુ:ખદાયી અશુભ કર્મો બાંધે છે. કેન્સર આદિ અનેક તીવ્રવેદના ભોગવતા જીવોનું દર્શન થાય છે. ત્યારે ખ્યાલ આવે છે કે બાંધેલુ કર્મ જીવોને પોતાને જ ભોગવવાનું છે. દુ:ખદાયી સ્થિતિમાં પણ સમતા રાખી નહીં. પુનઃકષાયો કરીને અનેક જન્મ મરણની પીડા ભોગવી હવે આ બધા ભાવિ દુ:ખો અને પાપોથી બચી જવા સદ્‌ગુરુ પાસે જિનવાણીના શ્રવણથી આત્માનું ભાન થાય છે. નાનપણથી અત્યાર સુધી થઈ ગયેલા પાપોનો પશ્ચાત્તાપ થાય છે. જાણે કે અજાણે, મોહની મૂઢ દશામાં કર્મવશ, નિમિત્તવશ અઢળક પાપ થઈ ગયા, ન કરવાનું કરી બેઠા, મન વચન અને કાયાથી ઘણું ખોટુ કર્યું, કરાવ્યુ અને અનુમોદ્યું.

હવે પળેપળે પાપો ખટકે છે, ડંખે છે અને મન આકુળ-વ્યાકુળ બને છે... પાપથી ભારે થયેલા એવા મારૂ શું થશે ? ત્યારે જ્ઞાનીઓ કહે છે કે નિરાશ થવાની જરૂર નથી. કર્માધીન જીવથી પાપ થઈ જવું એ આશ્ચર્ય નથી, પણ થઈ ગયેલા પાપોને ગીતાર્થ ગંભીર ગુરુ ભગવંત પાસે સરલ બનીને એકપણ પાપ છુપાવ્યા વિના એકરાર કરવો, કબૂલાત કરી પ્રાયશ્ચિત્ત કરી લેવું તેમાં જ જીવની મહાનતા છે. પ્રાયશ્ચિત્ત લેનારો અને લઈને વહન કરનારનો આત્મા ઘણો હળવો બને છે. સદ્‌ગતિ અને પરમગતિનો અધિકારી બને છે.

હે જીવ ! પાપો કરતા લાજ શરમ ન રાખી તો એ પાપોનું પ્રાયશ્ચિત્ત કરવામાં સંકોચ શાનો? ગભરાવાનું શા માટે ? આપણું સદ્‌ભાગ્ય છે કે તરણ-તારણ જિનશાસન મળ્યું છે. આત્મશુધ્ધિકર ધર્મ મળ્યો છે. શલ્યરહિત બનીને નિષ્કપટ ભાવે આત્માની શુધ્ધિ કરનારી આલોચનાના વિવિધ મુદ્દાઓ અહીં પરિપત્રમાં દર્શાવ્યા છે. એકવાર કે ઘણીવારકે જે રીતે દોષ-પાપ લાગ્યું તેની નોંધ કરીને કવર પેક કરીને નામ ઉમર લખીને યોગ્ય ગીતાર્થ ગુરુભગવંત પાસે આલોચના લઈ આત્માને હળવો કરવો. જે પ્રાયશ્ચિત્ત આવ્યું હોય તેનું પ્રાયશ્ચિત્ત દર વર્ષે લેતા રહેવું.

**નીચે જણાવેલા પાપો કયા-કયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં કેવા ભાવથી કોની સાથે કેટલીવાર કર્યા તે નામ ઠામ વિગેરે સાથે વિસ્તારપૂર્વક નોખાં લખવું. હૃદયના ભાવો જરાય પણ છુપાવવા નહીં. અને પાંચ-પચીશ પાનાનું લખાણ થાય તે રીતે લખવું. વાંચનારને એમ થાય કે આ વ્યક્તિ જરાય છૂપાવતો નથી. અને સાક્ષાત પોતે પ્રસંગ જો તો હોય તેવો ભાવ વાંચનારને ઉભો થાય તેવું કપટ-માયા રાખ્યા વિના લખાણ લખવું.**

### -: વિવિધ પાપ-દોષોના મુદ્દાઓ :-

(૧) તીર્થંકર સિવાય બીજા દેવોને માન્યા. (૨) હોળી, ધૂળેટી, બળેવ, શીતળા સાતમ વિ. મિથ્યા પર્વો કર્યા ઉજવ્યા. (૩) મિથ્યા-ધર્મની પ્રશંસા કરી. (૪) સાધુ-સાધ્વીની નિંદા કરી, જેમ તેમ બોલ્યા. (૫) સાધુ સાધ્વી ઉપર અભાવ થયો. રોષ કર્યો. (૬) સાધુ-સાધ્વીના મેલા કપડા જોઈ દુગંચ્છા કરી. (૭) સાધર્મિક, પાડોશી તથા સગા-વ્હાલા સાથે ઝગડો કર્યો. (૮) ગુરુ પાસે જાણીને અગર ભૂલથી જાુઠું બોલ્યા. (૯) સ્થાપનાચાર્ય તથા પ્રતિમાજી હાથમાંથી પડી ગયા. (૧૦) દેરાસરમાં કાન-નાકનો મેલ નાંખ્યો, થૂક્યા, ખાનપાન કર્યું, વાછુટ થઈ, વગેરે આશાતના થઈ. (૧૧) ભેગાબેસીને એક થાળીમાં ખાધું. (૧૨) કાગળમાં ખાધું. કાગળને અશુચિમાં નાંખ્યા, કાગળ ઉપર બેઠા, (૧૩) પુસ્તકને પગ અને થૂંક લગાડયુ, થૂંક વડે અક્ષર ભૂંસ્યા. (૧૪) અક્ષરવાળા કાગળ બાળ્યા, પડીકા બાંધ્યા, કાગળથી વિષ્ટા કચરો સાફ કર્યો, છાપા ઉપર બેઠા, છાપા ઉપર બેસી ચા-પાણી નાસ્તો કર્યો. (૧૫) તોતડા-બોબડાની મશ્કરી કરી. (૧૬) ભોજન અને પાણી એંઠા મૂકયા. (૧૭) જ્ઞાન અને જ્ઞાનીની આશાતના કરી, ભણતાંને અંતરાય કર્યો. (૧૮) જ્ઞાનને પાસે રાખીને ભોજન કર્યું, પેશાબ અને સંડાસ ગયા. (૧૯) જીનવચનમાં શંકા કરી અને વિરુધ્ધ બોલ્યા. (૨૦) ફકીરબાવા, ભૂવા પાસે દોરા-ધાગા કરાવ્યા. મંત્રેલા પાણી, રાખની પડીકી લીધી, તાવીજ બાંધ્યું. (૨૧) અન્ય ધર્મના દેવ-દેવીને માન્યા, પૂજ્યા. (૨૨) દેવદ્રવ્ય અને જ્ઞાન દ્રવ્યનું ભક્ષણ કર્યું. ઉછામણીના પૈસા

ભરવામાં વિલંબ થયો અથવા ભૂલી ગયા. (૨૩) ભગવાનના સમ ખાધા અને ભગવાનની અવિધિથી પૂજા કરી. (૨૪) સડેલા ધાન્ય તડકે નાંખ્યા અને વાપર્યા. (૨૫) ઉંદરડી, કીડી, માંખી-મચ્છર, વાંદા, ગરોળી, ચકલી વિ. ના મોટા જીવો ઘરકાર્ય કરતા જાણતાં-અજાણતાં મરી ગયા. ઘરમાં હિંસક દવાઓ છંટાવી. (૨૬) મચ્છર, ઉધઈ વિ. ના નાશ કર્યા. ઝેરી દવા વાપરી. (૨૭) ઉંદર પકડવા પાંજરા મૂકયાં. (૨૮) જીવો વાળા પલંગ તડકે મૂકયાં (૨૯) કોઈપણ પ્રાણી-બિલાડી, કુતરા વિ. ઉપર પ્રહાર કર્યો. (૩૦) છાણના ગોળા વાળ્યા અને બાળ્યા. ઘર લીપ્યું અને વાસી ગાર રાખી. (૩૧) વિશ્વાસઘાત કર્યા અને કોઈની વસ્તુ પચાવી લીધી. વિશ્વાસઘાત દગા-ફટકા પ્રપંચ કર્યા. ધંધામાં ખોટી સલાહ આપી કોઈને મારી નાખવાના, કાપી નાખવાના, કોર્ટે ચડાવવાના, બેઆબરૂ કરવાના વિચાર કર્યા, તેને અમલમાં મૂકયા, રૌદ્ર ધ્યાન કર્યું. (૩૨) કબૂતર ચકલી વિ. ના માળા પાડયા, ઈંડા ફોડયા. (૩૩) નોકર વિ. ઉપર ખોટો આરોપ મૂકયો. (૩૪) જૂ. અને લીખ માથામાંથી કાઢી મારી નાખી. (૩૫) રાત્રે ખાધુ અળગણ પાણી પીધું. (૩૬) બજારની અભક્ષ્ય વસ્તુ ખાધી, વાસી પીણા પીધા. (૩૭) કંદમૂળ, બટાટા, કાંદા-લસણ વિ. ખાધુ. (૩૮) બ્રેડ, સેન્ડવીચ, ચીઝ, પીઝા, વાસી વસ્તુ રીંગણા ખાધા. (૩૯) મધ-માખણ-માંસ મદિરા, ખસખસ, પાલકની ભાજી, મૂળાની ભાજી બરફ વિ. અભક્ષ્ય વસ્તુ ખાધી. (૪૦) હોટલમાં અભક્ષ્ય ખાનપાન કર્યા, કરાવ્યા. (૪૧) લગ્નમાં, મેળાવડામાં અભક્ષ્ય ખાધુ ખવડાવ્યું. (૪૨) અળગણ પાણીએ કપડા ધોયા - ધોવડાવ્યા. (૪૩) અગળણ પાણી વિ. વાપર્યું. (૪૪) નદીએ કે તળાવે સ્નાન કર્યું. બાથમાં નાહયા. (૪૫) પાંચ તીથી દળ્યું અને ખાંડયું. (૪૬) પાંચ તીથી લીલોતરી ખાધી અને આરંભ કર્યો. (૪૭) નાટક-સિનેમા-સરકસ જોયા, બીભત્સ નોવેલ અને હલકું સાહિત્ય વાંચ્યુ, ટી.વી. વિડિયો જોયા. (૪૮) સાંસારિક વિષય સુખ ભોગવ્યું. (૪૯) પરસ્ત્રી - કન્યા - વિધવા - વેશ્યા ગમન કર્યું. સતીના સાધ્વીના શીલનું ખંડન કર્યું. બળાત્કાર કર્યો તેને ફસાવવાના ધંધા કર્યા. (૫૦) હસ્ત દોષ, કામચેષ્ટા કર્યા. (૫૧) પર પુરુષ - સ્ત્રી સેવન કર્યું. અને તે નિમિત્તે કામરાગ ઉત્પન્ન કર્યો. (૫૨) દિવસે-એમ.સી.માં અંતરાયમાં, તીર્થમાં બ્રહ્મચર્ય ન પાળ્યું. (૫૩) બીજાની સુવાવડ કરી. (૫૪) ગર્ભ પડાવવા દવા લીધી અને બીજાને ઉપદેશ આપ્યો. ઓપરેશન કર્યું. ગર્ભપાત કરાવ્યો. (૫૫) જુઠ્ઠું બોલ્યા, ચોરી કરી, ખોટી રમત રમ્યા, હિંસા કરી, ઢીંગલા ઢીંગલી રમ્યા. (૫૬) ફટાકડા ફોડયા, લગ્નમાં ફોડાવ્યા. (૫૭) ફાગણ ચોમાસા પછી કોથમીર અને ભાજી પાલો ખાધો. (૫૮) સ્ત્રી-પુરુષના ચિત્રો રાગથી જોયા, અશુભ વિચાર કર્યા. (૫૯) અબ્રહ્મ-સંબંધી વિચારણા કરી. (૬૦) વ્રતમાં ઉલટી થઈ અને ભૂલથી ખવાઈ ગયું. (૬૧) લાકડા, છાણા જોયા વગર બાળ્યા. (૬૨) સગાના મરી જવાથી આર્તરૌદ્ર ધ્યાન કર્યું. (૬૩) નિમિત્ત મળવાથી ક્રોધ કર્યો. પુત્ર વધુ વિગેરેને ત્રાસ આપ્યો. (૬૪) ખોટા તોલ માપ રાખ્યા. (૬૫) માલમાં ભેળસેળ અને અનિતિ કરી. (૬૬) ટિકીટ વગર મુસાફરી કરી. (૬૭) તિથીના દિવસે પાપના સાધનો બીજાને આપ્યા અને રખડતાં મૂકયા. (૬૮) સામાયિક અધુરું પાર્યું અને સામાયિકમાં બહેનોને છોકરાનો, ભાઈઓને છોકરીનો, લીલોતરીનો કાચા પાણીનો સંઘટ્ટો થયો. (૬૯) રાત્રે પચ્ચકૂખાણ પછી ખાધું. (૭૦) ગિરિરાજ ઉપર ખાધું, પાણી પીધું અને અંતરાયવાળા થયાં. (૭૧) ગિરિરાજ ઉપર માત્રુ કરવા ગયા. સ્નાન કરતાં માત્રુ કર્યું. (૭૨) લગ્નમાં કે ધાર્મિક પ્રસંગમાં અડકાબોરો થયો. અંતરાય ન પાળી. ત્રીજે દિવસે નાહયા. ટંક વગર નાહયા. (૭૩) દેરાસરમાં અંતરાયવાળા થયા. (૭૪) અંતરાયમાં ઘરમાં રસોઈ કરી ચીજ-વસ્તુને અડયા. (૭૫) અંતરાયમાં સાધુ-સાધ્વીને ગોચરી વ્હોરાવી. (૭૬) પ્રતિક્રમણમાં બાથરૂમમાં માત્રુ, સ્થંડિલ કરવા ગયા. (૭૭) સામાયિકમાં ઉંઘ્યા, નકામી વાતો, વિકથા કરી. (૭૮) પુત્રની પ્રાપ્તિ માટે કે પતિને વશ કરવા બાવા, સન્યાસી પાસે ગયા, દોરા, ધાગા કરાવ્યા, કામણ ટુંમણ કર્યું. સાધુ વિ. પાસે પણ આવું કામ કરાવ્યું, શોકયને મારી નાંખવાના વિચાર કર્યા. (૭૮-એ) વાસી બે-ત્રણ દિવસના મલાઈ. દહિંમાંથી માખણ તાળવ્યું. (૭૯) ઘી-તેલ અને પાણીના વાસણો ઉઘાડા મૂકયા. (૮૦) ગરમ ઓસામણ/પાણી ગટરમાં નાંખ્યું. (૮૧) દાણચોરી કરી, તેની વસ્તુ વાપરી. (૮૨) અક્ષરવાળા પૈસા અને ઘડિયાળ રાખી માત્રુ કરવા ગયા. (૮૩) કારખાના, મીલો કર્યા, કરાવ્યા, ઉદ્ઘાટન કર્યા. (૮૪) હિંસક ધંધાના શેરો લીધા, વેચ્યા. (૮૫) ઘરના પાયા ખોદાવ્યા અને નવા ઘર બાંધ્યા અને બંધાવ્યા. (૮૬) બોળ-અથાણું, તુચ્છ ફળ, બહુબીજ વાપર્યા. (૮૭) દ્વિદળ ખાધુ અને બીજાને ખવડાવ્યું. (૮૮) પરભવ માટે નિયાણું કર્યું. (૮૯) આપઘાતના વિચારો કર્યા. ઝેર પીધું, ફાંસો ખાધો, દવાની ગોળીઓ લીધી, ઝંપાપાત કર્યો, કેરોસીન છાંટી સળગવાનો કે સળગાવવાનો પ્રયત્ન કર્યો. (૯૦) ખરાબ વિચારો કર્યા. (૯૧) શિકાર આદિ સાત વ્યસનો સેવ્યાં. (શિકાર, જુગાર, ચોરી, માંસ-મદિરા-પરસ્ત્રી-વેશ્યાગમન) (૯૨) શ્રાવક-શ્રાવિકાની નિંદા કરી. (૯૩) છતી શક્તિએ દાન-શીલ, તપ

ન આદયા. (૯૪) આત્મભાવના ન ભાવા. (૯૫) નોકર પાસે અતિશય કામ કરાવ્યુ, કટુ વચનો કોધા અને ત્રાસ આપ્યો પુરતો પગાર ન આપ્યો, માંદગીમાં સહાય ન કરી, પગાર કાપી લીધો. (૯૬) તીર્થસ્થાનમાં રાત્રી ભોજન-અભક્ષ્ય ભોજન, પાનાની રમત, વિષય સેવન, વિ. પાપ કર્યું. (૯૭) માતા-પિતાને ત્રાસ આપ્યો. જેમ તેમ બોલ્યા. (૯૮) સાસુ-સસરાને સતાવ્યા, અનાદર, કર્યો. (૯૯) ઘરમાં - બહારમાં ચોરી કરી, વસ્તુ સંતાડી. (૧૦૦) બીજાને મારી નાંખવાના વિચાર કર્યાં. (૧૦૧) હૈયામાં વેરઝેર રાખ્યા, ખમાવ્યા નહિં. (૧૦૨) જુગાર રમ્યા, બીજાને પ્રેરણા કરી. (૧૦૩) કેબરે નૃત્ય નાચગાનમાં સ્ત્રીના અંગો પાંગ નિરખ્યાં. (૧૦૪) પાપનો ઉપદેશ આપ્યો, પાપના સાધન આપ્યા. (૧૦૫) વાસી વસ્તુ ફ્રીજમાં રાખી, વાપરી, વપરાવી. (૧૦૬) દ્વિદળ-કાચા દૂધ, દહીં, છાશ સાથે ભોજન કઠોળ વાળું કર્યુ, કરાવ્યું. (૧૦૭) સડેલું અનાજ જોયા વગર વાપર્યું, દળાવ્યું. તડકે નાખ્યું, (૧૦૮) ભેગો થયેલો કચરો બાળ્યો, ઘાસમાં આગ ચાંપી. (૧૦૯) યાંત્રિક સાધનો પૂંજયા, જોયા વિના વાપર્યાં. (૧૦૯-એ) મહાવ્રત ધારી પોતાનાથી વીપરિત તિથી-સમાચારી પાળતાં સાધુ-સાધ્વીની નિંદા કરી, તેમને કુગુરૂ માની વંદનાદિ ન કર્યું. ઘરે ગોચરી આવે છતે આદર - બહુમાનપૂર્વક ન વહોરાવ્યું. તેમને અનુકંપાની બુદ્ધિથી વહોરાવ્યું, તેમને ઉત્સૂત્ર ભાષી કહયાં. (૧૧૦) લીલ-ફુગ-ઘાસ ઉપર ચાલ્યા, પાણી વિ. નાખ્યું, ઘરમાં બગીચો, લોન વિ. બનાવી તેને રોજેરોજ કાપવાનું કામ કર્યું. (૧૧૧) લક્ષ્મીના લોભે કર્માદાનના ધંધા વધાર્યા, કર્યા, (૧૧૨) પશુઓ/નોકર ઉપર અધિક ભાર વહન કરાવ્યો. (૧૧૩) વાતવાતમાં જુઠ્ઠું બોલ્યા, અન્યની થાપણ ઓળવી. (૧૧૪) દસ્તાવેજ વિગેરે ખોટા લખાણ કર્યા-કરાવ્યા. (૧૧૫) ખોટી સાક્ષી સલાહ આપી. (૧૧૬) ગુપ્તવાતો બીજાને કહી રોષ કરાવ્યો. (૧૧૭) ધર્મ લોપાય તેવા ઉત્સૂત્ર વચન બોલ્યાં. (૧૧૮) સદાચારનો નાશ થાય તેવી પ્રવૃત્તિ કરી-કરાવી. (૧૧૯) પરિગ્રહમાં ગાઢ મમતા-મૂર્છા કરી. (૧૨૦) પ્રતિકૂળતામાં વારંવાર ગુસ્સો કર્યો - કરાવ્યો. (૧૨૧) ગુસ્સામાં હિંસક પરિણામ થયા. (૧૨૨) માતા-પિતા વડિલો ઉપર ગુસ્સો કર્યો. (૧૨૩) સંસારના પ્રલોભને માયા-પ્રપંચ-કાવાદાવાની રમત રમ્યા. (૧૨૪) કલેશ-કજિઆ કરી ઘરમાં બહારમાં અશાંતિ ફેલાવી. (૧૨૫) શક્તિ માટે અભક્ષ્ય દવા વાપરી. માછલીનું તેલ, ઈંડા, સાર્કાફેરોલ વિ. દવાઓ લીધી-ખાધી. (૧૨૬) લીધેલા વ્રત-નિયમોનો ભંગ કર્યો. (૧૨૭) દેવ-ગુરૂ-ધર્મની આશાતના કરી. (૧૨૮) તપ-તપસ્વીની નિંદા કરી. (૧૨૯) તીર્થસ્થાનમાં ફરવાના હેતુથી ગયા. (૧૩૦) તીર્થસ્થાનમાં આશાતના કરી. (૧૩૧) અનૈતિક વિષય સેવન કર્યું.

અહિં કેટલાક મુદ્દાઓ દર્શાવ્યા છે. આ ઉપરાંત વિશેષ જાણકારી માટે ગુરુ ભગવંત પાસેથી, તથા "ભવ-આલોચના" નામના પુસ્તકનું મનન કરીને જન્મથી આજ સુધી જે જે ભૂલો-દોષો-પાપો યાદ આવે તેની સંપૂર્ણ નોંધ મનમાં વિચારીને સંકોચ શરમ રાખ્યા વગર લખી ગંભીર - ગીતાર્થ ગુરૂભગવંત પાસે આલોચના લઈને આત્મશુધ્ધિ કરવી.

★ **તમારાથી જે જે તપ છઠ / અઠમ / ઉપવાસ / આયંબિલ / એકાશન.બેસણાં જે કરી શકો તે જણાવવું.**
★ **આલોચના લખીને પેક કવરમાં આપવી.**
★ **આલોચના લેનારનું નામ તથા ઉંમર લખવી, સરનામું લખવું.**
★ **જે જે પાપોની નોંધ આમાં ન આપી હોય તેવા પાપો-દોષો કર્યા હોય તો તે ખાસ લખવા.**
★ **જે તપ કર્યો હોય તેમજ જેટલો ધર્મનો અભ્યાસ કર્યો હોય તે પણ લખવું.**

મોટે ભાગે જીવો ચતુર્થવ્રતના પાપો, વિશ્વાસઘાતના પાપો, મોટી ચોરીના પાપો, દેવાળા કાઢયા હોય તેવા પાપો છૂપાવે છે. કયારેક જણાવે તો તેને હૃદય ખોલી સ્પષ્ટ લખતા નથી. **આ માયા શલ્ય છે. તેને હૃદયમાં રાખી બીજી બધી આલોચના કરવાથી જીવ શુધ્ધ થતો નથી.**

માતા પિતા, વડિલ-બંધુ, વિદ્યા-ગુરુ તેનો દ્રોહ કર્યો, અંતિમ સમયે તેમની સેવા ચાકરી ન કરી, છેલ્લા વખતે ઘરમાંથી કાઢી મૂકયાં હોય, અથવા તો ઘરમાં રાખવા છતાં ઘણાં કટુ વચનોના પ્રહારો કર્યા, મર્મઘાતક વચનો કહયા હોય, પત્નિને વશ બનીને માત-પિતાથી જુદા રહયા, તેમને માટે મન-વચન-કાયાથી જે કંઈ અશુભ ચિંતવી તેમના હૈયાંને દુઃખ પહોંચાડયું હોય તે બધા પાપો તીવ્રપશ્ચાત્તાપ કરવા સાથે જણાવવાથી શુધ્ધિ થાય છે. પોતાનો જે સ્વભાવ ક્રોધી, માની, માયી હોય તેમજ બહારથી સારા દેખાવવા અંદરથી જે રમત રમ્યા, વિશ્વાસઘાત કર્યો. બધ્ધિનો ગર્વ કર્યો. બીજા આગળ પ્રશંસા કરી હોય તે સર્વ વિગત લખવી.

॥ શ્રી આદિનાથપાર્શ્વનાથાય નમઃ ॥

# ભવ-આલોચના લેવાથી થતા લાભો

(૧) ગીતાર્થ અને ગંભીર ગુરુ આગળ પોતાના જીવનમાં કરેલા નાના મોટા તમામ પાપોનો ખુલ્લા હૃદયે એકરાર કરવો એજ સાચા ધર્મની શરૂઆત છે.

(૨) એના દ્વારા વિપુલ પુણ્યાનુંબંધીપુણ્ય ઉપાર્જન થાય છે.

(૩) મોક્ષમાર્ગ હાથમાં આવે છે.

(૪) સદ્દગતિની પરંપરા સર્જાય છે.

(૫) જીવનમાં શાંતિ, સમાધિ અને ચિત્તની પ્રસન્નતા વધે છે.

(૬) જીવન એક નંદનવન બને છે.

(૭) લાખ્ખો-કરોડો અને અબજો રૂા. ની કમાણીથી પણ વધુ આનંદ પ્રાપ્ત થાય છે.

(૮) મૃત્યુ અને અસમાધિનો ભય જીવનમાંથી નીકળી જાય છે.

(૯) ધર્મ કરવાનો ઉત્સાહ-જોમ અને વીર્યોલ્લાસ પ્રગટે છે.

(૧૦) પાપનો મેલ અને પાપ-સંસ્કારો નીકળી જવાથી મોટા પાપો જીવનમાં થતા નથી, નાના પાપો પણ મંદભાવે થાય છે. અનુબંધ કરે છે

(૧૧) દેવ-ગુરુ-ધર્મ-માતા-પિતા વિ. ઉપકારીઓ પ્રત્યે આદર બહુમાનની છોળો ઉછળે છે.

# ભવ-આલોચના ન લેવાથી થતા નુકશાન

(૧) પાપ ના મળો (મેલ) અંદર રહેવાથી ધર્મ કરવાની બુધ્ધિ જાગતી નથી.

(૨) ધર્મ કરવાનો ઉત્સાહ પ્રગટ થતો નથી.

(૩) જે ધર્મ કરાય તે પણ બધો ઉપર છલ્લો થાય છે.

(૪) જીવનમાં સમાધિ-ચિત્તની પ્રસન્નતા રહેતી નથી, પરંતુ જીવન સંકલેશમય રહે છે.

(૫) દુર્ગતિની પરંપરા સર્જાય છે.

(૬) મૃત્યુ અસમાધિમય બને છે.

(૭) જીવનમાં પાપો કરવાની બુધ્ધિની પરંપરા ચાલુજ રહે છે.

(૮) ગમે તેટલો પૈસા મળવા છતાં સાચો આનંદ અનુભવાતો નથી.

**તા.ક.**: આ આલોચનાના વિવિધ મુદ્દાઓ ઉપર વિચાર કરી જે દોષે થયા હોય તે એકવાર / અનેકવાર અને જે રીતે થયા હોય તેની સંપૂર્ણ માહિતી અલગ કાગળ કે નોટમાં લખીને - નામ, સરનામું, ઊંમર લખીને બરાબર પેક કરીન જે ગીતાર્થ ગુરુભગવંત પાસે આલોચના લેવી હોય તેમને આપવી. તેઓશ્રી જે પ્રાયશ્ચિત આપે તે સત્વર પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવું. આલોચના લેવાથી આત્મા હળવો બને છે.

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી વર્ધમાન સંસ્કૃતિ ધામ**

૯, વિદ્યા વિહાર, ૨ જે માળે, ઝવેર રોડ, જૈન દેરાસર સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**રૂા. ૧.૦૦**